## –:: ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી અન્વયેનું જાહેરનામુ ::–

નં.જે/એમએજી/મું.પો.અ.–૩૩(૧)બી/ફા.નં.૧૨/૨૦૨૧

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
રાજકોટ.
તા.૦૭/૧૦ /૨૦૨૧

–:: હુકમ ::–

પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના તા.૨૯/૦૯/૨૦૨૧ના પત્ર નં. જીલ્લા ટ્રાફીક/૩૬૬/૨૦૨૧ થી ગોંડલ ચોકડી છ માર્ગીય એલીવેટેડ કોરીડોરના કામે હાલમાં બ્રિજનું કામ ચાલુ હોય તે અંદાજીત એક વર્ષ સુધી એચ.એમ.વી./એલ.એમ.વી./ટુ વ્હીલ/થ્રી વ્હીલ પ્રકારના વાહનો ગોંડલ ચોકડી તરફ જનાર વાહનોને આ રોડ ઉપરથી પ્રવેશ ન થાય તે માટે ગોંડલ તરફથી આવનાર એચ.એમ.વી./એલ.એમ.વી/ટુ વ્હીલ/થ્રી વ્હીલ પ્રકારના વાહનો માટે પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

હાલે ગોંડલ ચોકડી છ માર્ગીય એલીવેટેડ કોરીડોરનું કામ હાલ ચાલુ હોય, આ બ્રિજનું કામકાજ પૂર્ણ ન થાય ત્યાં સુધી ગોંડલ તરફથી આવનાર અને ગોંડલ ચોકડી તરફ જનાર એચ.એમ.વી. પ્રકારના વાહનોને "કોરાટ ચોક થી ગોંડલ ચોકડી" તરફ જવા તેમજ એલ.એમ.વી./ટુ વ્હીલ/થ્રી વ્હીલ પ્રકારના વાહનોને ખોડીયાર પોલીસ ચોકીથી આગળ જવા માટે સંપુર્ણ પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રીના જણાવ્યા મુજબ વૈકલ્પિક રસ્તો તેમની દરખાસ્તમાં નીચે મુજબ જણાવેલ છે.

૧) એચ.એમ.વી. પ્રકારના વાહનો માટે વાયા રીંગ રોડ–૨, કોરાટ ચોક થી (સર્વીસ રોડ) –ઘંટેશ્વર(રાજકોટ–જામનગર હાઈવે) પર ચાલવુ.

૨) એલ.એમ.વી./ટુ વ્હીલ/થ્રી વ્હીલ પ્રકારના વાહનોને ખોડીયાર પોલીસ ચોકીની બાજુથી પસાર થતો પુનીતનગર મેઈન રોડ બીઆરટીએસ(૧૫૦ ફુટ રીંગરોડ) પર ચાલવુ.

સબબ,હું અરૂણ મહેશ બાબુ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ અમોને ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧)બી અન્વયે મળેલ સતાની રૂએ ગોંડલ તરફથી આવનાર અને ગોંડલ ચોકડી તરફ જનાર એચ.એમ.વી.પ્રકારના વાહનોને "કોરાટ ચોક થી ગોંડલ ચોકડી" તરફ જવા અને એલ.એમ.વી./ટુ વ્હીલ/થ્રી વ્હીલ પ્રકારના વાહનોને ખોડીયાર પોલીસ ચોકીથી આગળ જવા માટે સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું.

ઉકત પ્રતિબંધનાં કારણે એચ.એમ.વી. પ્રકારના વાહનોએ વાયા રીંગ રોડ–૨, કોરાટ ચોક થી (સર્વીસ રોડ)–ઘંટેશ્વર(રાજકોટ–જામનગર હાઈવે) પરથી ચાલવાનું રહેશે અને એલ.એમ.વી./ટુ વ્હીલ/થ્રી વ્હીલ પ્રકારના વાહનોએ ખોડીયાર પોલીસ ચોકીની બાજુથી પસાર થતો પુનીતનગર મેઈન રોડ બીઆરટીએસ(૧૫૦ ફુટ રીંગ રોડ) પરથી ચાલવાનું રહેશે. પોલીસ તેમજ ઈમરજન્સી વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી. સદરહુ રસ્તાઓ ઉપર જરૂરી દિશાસુચક સાઈન બોર્ડ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, રાજકોટએ લગાવવાનાં રહેશે.

આ જાહેરનામુ તા.૧૦/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા.૦૭ મી માહે :– ઓક્ટોબર –૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સીકકો મારી બહાર પાડેલ છે.

OFFICE OF THE DISTRICT MAGISTRATE, RAJKOT DISTRICT
જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, રાજકોટ જીલ્લો
GUJARAT STATE

(અરૂણ મહેશ બાબુ)
જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જીલ્લો

નકલ જયભારત સાથ રવાના:–

૧.અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨.રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટ, રાજકોટ.
૩.રજીસ્ટ્રાર, એડી.સેશન્સ જજશ્રીની કોર્ટ, ગોંડલ.
૪.કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ
૫. પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ
૬. પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.

૭. ચેરમેનશ્રી, રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી, જામનગર રોડ, રાજકોટ
૮. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ગોંડલ.
૯.નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોંડલ/જેતપુર.
૧૦.એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી અને મામલતદારશ્રી, ગોંડલ.
૧૧.કાર્યપાલક ઈજનેરશ્રી, એલ એન્ડ ટી, સોયલા, જકાત નાકા, ધ્રોલ
૧૨. કાર્યપાલક ઈજનેરશ્રી, રોડ એન્ડ બિલ્ડીગ, રાજકોટ
૧૩. પોલીસ ઈન્સ્પેકટરશ્રી,ગોંડલ.
૧૪.સંયુકત નિયામકશ્રી, માહિતિ ખાતુ, રાજકોટ.

રાજકોટથી પ્રસિઘ્ધ થતા વર્તમાનપત્રોમાં વિના મુલ્યે પ્રસિઘ્ધિ આપવા તથા તેની કાપલીઓ મોકલવા વિનંતી.

૧૫.મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિઘ્ધિ કરી તેની ૫ નકલો મોકલવા વિનંતી.

૧૬.વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., રાજકોટ.
૧૭.ડેપોમેનેજરશ્રી,એસ.ટી.ડેપો, ગોંડલ.
૧૮.કાર્યપાલક ઈજનેરશ્રી, નેશનલ હાઈવે ડિવીઝન(સ્ટેટ), રાજકોટ
૧૯. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, રાજકોટ

....................જાહેરનામાની બહોળી પ્રસિઘ્ધિ આપવા તેમજ જાણ સારૂ.